ગુજરાત સમાચાર 14/01/2026



# બન્નીના વાઢા સમુદાયની કારીગર બહેનોનું પ્રેરણા પ્રવાસ

ભુજ, મંગળવાર

સેવા ઈન્ટરનેશનલ ભારત દ્વારા ઓરેકલના સહયોગથી કૌશલ્ય વિકાસ દ્વારા કારીગરોની આજીવિકાનું નિર્માણ પ્રોજેક્ટ અનુસંધાને બન્ની વિસ્તારની વાઢા સમુદાયની કારીગર બહેનો માટે ખમીર તથા લિવિંગ એન્ડ લર્નિંગ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (એલએલડીસી) ક્રાફ્ટ મ્યુઝિયમ ખાતે પ્રેરણા પ્રવાસ (એક્સપોઝર વિઝિટ)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, કચ્છમાં હસ્તકળાની શરૂઆત, ભરતકામ અને સમુદાય સાથે હસ્તકળાના ઐતિહાસિક જોડાણ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી, જેનાથી વાઢા સમુદાયની બહેનોને પોતાની હસ્તકળા અંગે નવી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ હતી. બન્નીના આંતરિયાળ વિસ્તારના લૂણાં, ભીટારા, હાજીપીર, ડુમાંડી, ભીરડીયારા અને મિસરીયાડા ગામોની કારીગર બહેનો આ પ્રેરણા પ્રવાસમાં જોડાઈ હતી. સમગ્ર પ્રવાસનું આયોજન અને વ્યવસ્થાપન સેવા ઈન્ટરનેશનલ ભારતના સ્ટેટ મેનેજર મહેન્દ્ર ભાનાણી અને નીતિનભાઈ ગરવા દ્વારા કરવામાં આવ્યો હતો.